# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૫૭. પૂ. નીમુબેન દાડિયા

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. કસુંબાબેન |
| પિતાનું નામ | : | પૂ. ચત્રભુજભાઇ |
| ભાઇ | : | પૂ. ચંદુભાઇ, પૂ. રસિકભાઇ, પૂ. અશોકભાઇ, પૂ. મુકેશભાઇ |
| બહેન | : | પૂ. મધુબેન, પૂ. હંસાબેન, પૂ. ઉષાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | લુવાણા |
| અભ્યાસ | : | મેટ્રિક |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૦-૦૪-૧૯૬૭ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |

કેન્દ્ર નંબર : ૪૭

## સાધનાનું બ્રહ્મસૂત્ર : અખંડ જપતજ્ઞ કર્યા કરવો.

પૂ. નીમુબેનનો જન્મ આફ્રિકામાં સત્સંગી અને શ્રીમંત કુટુંબમાં થયો હતો. તેમના માતાપિતા ખૂબ સુખી અને પૈસાદાર હતા. થોડીક સમજણ આવતાં નીમુબેનને થયું કંઈક નવું કરીને જવું છે. પ.પૂ.બેન સાથે સંબંધ તો હતો જ.

નીમુબેન ૧૮ વર્ષના થયાં. બેન સાથે સંબંધ વધતો ગયો. અને ભગવાન ભજવા કે લગ્ન કરવા તેનો નિર્ણય લેવાનો વખત થયો ત્યારે દ્રઢતાપૂર્વક ભગવાન જ ભજવા છે તેવું નક્કી થઈ ગયું.

પૂ. હંસાબેન કંપાલા, પૂ. નીમુબેન સાકરિયાએ પ.પૂ. બેનને કહ્યું કે 'તમે અમને મૂકીને કેમ ઈન્ડિયા જતા રહો છો? અમારે ભગવાન ભજવા છે.' નીમુબેન દાડિયાએ કહ્યું કે 'મારે પણ ભગવાન ભજવા છે.' આમ બેન જેવા સત્પુરૂષ પાસે બોલાઈ ગયું. તેમના માતા – પિતામાંથી ના આવી. બેને કહ્યું, 'સારું લગ્ન કરીને ભગવાન ભજજે.' નીમુબેને વિચાર કર્યો ને બેનને જણાવી દીધું કે, 'થનારી હોય તે થાય પણ મારેય ભગવાન ભજવા છે.' ને બેને રાજી થઈને જળ આપતાં કહ્યું, 'આ ઠાકોરજીની સમક્ષ જળ આપું છું. હવે નિશ્ચય બદલાશે નહીં.' નીમુબેન કહે, 'હા બેન. તમે બળ આપજો.' બેને સંકલ્પ કરી પ્રાર્થના કરી કે 'હે મહારાજ ! નીમુને તમારું સ્વરૂપ ઓળખાવજો, રક્ષા કરજો ને ભગવાન ભજવાનું તમે બળ આપજો.' અને પિતાજી ના પાડતાં હતાં તો બેને ૩૦૦ માળા કરવાની આજ્ઞા આપી. આથી નીમુબેન વહેલી સવારે ૪ વાગ્યે ઉઠી તેમને આગળ દુકાન ને પાછળ ઘર હતું તો દુકાનમાં બેસી પૂજા કરે અને માળા કરે. પછી તૈયાર થઈ સ્કૂલે જાય. ને ભજનથી તેમના પિતાજીનું મન બદલાયું ને તેમણે ભગવાન ભજવા જવા માટેની હા પાડી. ને ખૂબ જ ધામધૂમથી વિદાય આપી. આમ, નીમુબેન પણ બેન સાથે ૧૯૬૬માં ભગવાન ભજવા ભારત આવ્યા.

ત્યાં વિમુખ પ્રકરણ થયું. નીમુબેન પ્રાર્થના કરતાં કરતાં જોગીબાપા સાથે વાતો કરતાં સૂઈ ગયા. બાપા સ્વપ્નામાં આવ્યા ને કહે, 'જરાય ચિંતા કરીશ નહીં, કાંઈ ખોટું થયું નથી. બધું બરાબર છે. હું પપ્પાજીમાં રહીને તારું બધું કામ કરીશ.'

નીમુબેન ખૂબ ખુશ થયા. ધીમે ધીમે પપ્પાજીમાં જોગીબાપા જેવો ભાવ થવા માંડયો.

૧૯૬૬માં ૫૧ બહેનોને કાષાંબરી દીક્ષા આપી તેમાં નીમુબેનને પણ દીક્ષા આપી. ૧૯૬૭માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લઇ લીધું ને જન્મોજનમના સુખી કરી દીધા. બેન સાથે ઈન્ડિયા આવ્યા એટલે બેન તો ગુરૂ હતા જ પણ પપ્પાજીએ પૂ. દયાબેન જેવા સ્વરૂપનો જોગ આપ્યો ને તેઓએ સમજણના અંગે સાધના શરૂ કરી.

દ્રષ્ટારૂપે ભગવાન જીવમાં બેસે પછી શુધ્ધિકરણનું કાર્ય શરૂ થયું. નીમુબેનને અંતરમાં થાય કે, હું બધું જ બરાબર કરું છું. ભગવાન ને સંત રાજી થાય તેવું જ જીવું છું છતાં અસુખ જેવું કેમ થાય છે ? તેઓ પૂજા કરવા બેઠા ને પ્રાર્થના કરી કે, ‘હે જોગીબાપા ! હું આટલું સરસ જીવું છું છતાં આમ કેમ ? તમે જ ઉપાયભૂત થાવ ને મને સૂઝ પાડો.’ એમ પ્રાર્થના કરતાં કરતાં નીમુબેને આંખ ખોલી તો સામે જ પપ્પાજી ઉભા હતા. પપ્પાજી કહે, ‘એક વાત કહું ?’ નીમુબેને કહ્યું, ‘હા પપ્પાજી.’ પપ્પાજી કહે, ‘જો સાંભળ બુધ્ધિ, સાત્વિકતા, જ્ઞાન અને મન આ ચાર તારા દુશ્મન છે એને ક્યારેય સાથ ન આપવો. આ ચાર દુશ્મન સંબંધવાળાનો અભાવ લેવડાવવા આવશે જ પણ ત્યારે તારે સ્વામી સ્વામી કરવા મંડી પડવું.’ આમ પપ્પાજીએ જીવનનો રાહ બતાવ્યો. પપ્પાજીએ કહ્યું એટલે વર્તનમાં આવી જતું નથી એ કૃપા કરે છે, બળ આપે છે, અંતરમાં ઉગાડે છે, ધીમે ધીમે અંતરમાં કબૂલાત કરાવતાં ગયા કે, આ સંબંધવાળા બધા જ મુક્તોમાં બધું તું જ કરાવી રહ્યો છે. તારું કર્તાપણું નથી મનાતું તે જ મારો દોષ છે. આમ ધીમે ધીમે માહાત્મ્યેયુક્ત સેવાથી બળ પમાડી અંતરમાં એક નવી સૂઝ આપી કે, આપણે અખંડ આનંદમાં, મૂર્તિમાં રહેવાનું. અને પપ્પાજીએ જીવનમાં હળવાશનો અનુભવ કરાવ્યો.

હવે નીમુબેનને ૨૪ કલાક એક જ તમન્ના રહે છે કે, હે પ્રભુ ! મારે તમારા ભક્તના ભક્ત થવું છે તેમની હાશ તે જ તમારી પ્રસન્ન્તા ને તમારી પ્રસન્નતા તે જ મારી પ્રાપ્તિ. આમ ભગવાનનું સાચું સુખ પામવું છે. નીમુબેને પોતાના જીવનમાં ‘અખંડ જપયજ્ઞ કર્યા કરવો.’ એ બ્રહ્મસૂત્ર રાખ્યું છે. સાધના દરમ્યાન ‘સ્વામી રે તુંહી તુંહી’, ‘અંતરથી અંતર ટળે’ આવા ભજનો ગુંજ્યા કર્યા છે.

નીમુબેન જ્યોતમાં આવ્યા ત્યારથી બેનના સેવક, રસોડું, રેકોર્ડીંગ, પ્રતિતિ, સફાઈ, C.O., છાપકામ જેવી અનેક સેવાઓ કરી પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. અત્યારે પણ આશિષમંડળના નખ કાપવાની સેવા, વિદ્યાનગરના સત્સંગી ભાભીઓની સભાની જવાબદારી તથા પપ્પાકમિટીના સભ્ય રહી અનેક સેવાઓ કરી રહ્યાં છે. નીમુબેન જ્યારે જ્યોતમાં સભામાં લાભ આપે ત્યારે ખૂબ જ સચોટ દાખલા આપી તથા પ્રેકટીલ વાતો કરી બધાને ખૂબ જ સજાગ કરી દે તથા આનંદબ્રહ્મ પણ કરાવે તેથી સૌ કોઈને ખૂબ જ ગમે. સભામાં વાંચે તો બધાને સમજાય તેવું સ્પષ્ટતાભર્યું વાંચન કરી શકે છે.

૧૯૭૮ થી ૨૦૦૨ સુધી માણાવદર, રાજકોટ, નડિયાદ, સાંકરદા, સુરત, અમદાવાદ જેવા સેન્ટરો પર જવાબદાર સદ્ગુરૂ તરીકેની સેવા બજાવી છે. તેમને ધાર્મિક પુસ્તકો વાંચવાનો શોખ છે. કેટલાય ચૈતન્યોનું રખોપું મહાપૂજા, પ્રાર્થના, જતનથી કરી રહ્યાં છે. કેટલાય સાધકોના આદર્શ છે. તેમની ડીક્ષનેરીમાં હશે, ચાલશે, થશે તેવા શબ્દો જ નથી.

એવા નીમુબેનને સૌ સાધકોના ભાવે વંદન !!!



## ૫૮. પૂ. નીમુબેન સાકરિયા

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. દિવાળીબેન |
| પિતાનું નામ | : | પૂ. વલ્લભદાસભાઇ |
| ભાઇ | : | પૂ. હરીશભાઇ, પૂ. હિંમતસ્વામી |
| બહેન | : | પૂ. પમીબેન, પૂ. ભાનુબેન, પૂ. લીલાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | લુવાણા |
| અભ્યાસ | : | ઓલ્ડ મેટ્રીક (ઇંગ્લીશ) |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૨-૦૭-૧૯૬૭ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૪૮ |

### સાધનાનું બ્રહ્મસૂત્ર : પોતે પોતાના ગુરૂ બનવું.

પૂ. નીમુબેન દોઢ વર્ષના હતા ત્યારે શાસ્ત્રીજી મહારાજનો સમૈયો ઉજવવા આફ્રિકાથી ભારત આવ્યા હતા ત્યારે નીમુબેન ખૂબ બીમાર પડી ગયા. શ્રીખંડની રસોઇ હતી તેમના દાદીમાએ શ્રીખંડ ખવડાવ્યો ને એ સાજા થઇ ગયા

એટલે દાદીમા કહે, 'ભગવાન ભજવા જ સાજી થઈ છે.' ને ખરેખર નીમુબેનને પ.પૂ.બેને (પ.પૂ.શાંતાબેન) જ્યારે પ્રથમ વખત જોયા ત્યારે મનમાં થયું કે,'આણે તો ભગવાન ભજવા જ દેહ ધર્યો છે.'

આમ નાનપણથી જ સ્વામિનારાયણ ધર્મમાં ઉછેર થયો. બુલોપામાં બેન એમના ઘરે બે – ત્રણ મહિને સભા કરવા આવે અને અઠવાડિયું રહે. ત્યારે નાના નીમુબેને બેનની સેવાનો ખૂબ લાભ લીધો. તેમની સેવાના પ્રતાપથી ભગવાન ભજવાનું નક્કી કર્યું. જોગીબાપા બે – ત્રણ વખત આફ્રિકા પધાર્યા ત્યારે તેમની ગાડી ચલાવવાની સેવા નીમુબેનના પિતાશ્રી વલ્લભદાસ જ કરતા ને બુલોપા આવે ત્યારે તેમના જ ઘરે ઉતારો રાખતા. બેન તો તેમના સગાં થાય એટલે તેમને 'મોટાબા' કહીને જ બોલાવતા ને બેને તેઓ પાસે સવારે નાહી ધોઈને પૂજા કર્યા પછી જ ચા – પાણી પીવાના એવો નિયમ પળાવ્યો હતો. પછી બેને તેમને યુવતી મંડળની સભા કરવાનું કહ્યું. ચૌદ – પંદર વર્ષની વયે ભણવાનું મૂકી બાપુજીને દુકાનમાં, પેટ્રોલ સ્ટેશનમાં મદદ કરાવતા કારણ બાપુજી તો જોગીબાપા આવે ત્યારે તેમની સેવામાં અને બેનને જરૂર હોય ત્યારે તેમની સેવામાં જતા. આથી બાપુજીનો વિશ્વાસ નીમુબેને મેળવી લીધો ને બધું જ કાર્ય પોતે ઉપાડી લીધું. ૧૯૬૩માં બેન ભારતથી આફ્રિકા પધાર્યા ત્યારે ખૂબ જ પરભાવમાં તારદેવના બહેનોની સ્મૃતિ કરાવતા. બુલોપામાં નીમુબેનના સોફા પર બેસીને બેન વાત કરતાં હતાં કે, 'આશ્રમ બંધાશે ને તેમાં બહેનો ભગવાન ભજશે.' આ સાંભળીને નીમુબેન દોડીને બેન પાસે ગયા ને પગે લાગીને કહે, 'મોટાબા મારે પણ ભગવાન ભજવા છે.' ને મોટાબા ખૂબ રાજી થઈ ગયાં.

૧૯૬૫માં બેન વરસોવા શિબિરમાં ભારત આવ્યા. બેન આફ્રિકા પાછા આવ્યા પછી નીમુબેનને કહ્યું કે, 'તું હંસાબેનને પત્ર લખ.' અને પછી પૂ.હંસાદીદીનો પત્ર આવે ત્યારે નીમુબેન બુલોપાથી જીંજા બેન પાસે પત્ર વાંચવા જાય. ને તરૂબેન, હંસાબેન, નીમુબેન દાડિયા, નીમુબેન સાકરિયા એમ ચારેય ગોષ્ટિ કરતાં. બેન સાથે આત્મબુધ્ધિ ને પ્રીતિ થઈ ગઈ ને પછી તો ભારત ભગવાન ભજવા આવવાનું નક્કી થયું. બેન બે કોચ (બસ) કરીને નીમુબેનને લેવા આવ્યા હતાં. બેનનું ભવ્ય સ્વાગત બેન્ડવાજાંથી કર્યું. ખૂબ સરસ ભજનો ગાયા. વાતવરણ

ખૂબ દિવ્ય હતું. તે વખતે તરૂબેનના મમ્મીએ બેનને ખાનગીમાં કહ્યું, 'અમારે પણ હંસા – તરૂનો વિદાય સમારંભ મંદિરમાં ગોઠવવો છે.' નીમુબેન તો ઘરેથી વિદાય લઇ જીંજા બેન સાથે જતાં રહ્યાં હતાં. પછી તરૂબેન – હંસાબેનને લેવા કંપાલા જવાનું હતું તે દરમ્યાન નીમુબેનના દાદીમા અને બાપુજીએ બેનને કહ્યું, 'હજી કંપાલા જવાની વાર છે તો નીમુને ઘરે મોકલો.' બેને તો નીમુબેનને ઘરે જવાનું કહ્યું પણ નીમુબેને દાદીમા અને બાપુજીને કહ્યું, 'દીકરી સાસરે જાય પછી કંઇ પાછી આવે છે ? હવે હું પાછી ન આવું.' આમ સ્વાભાવિકતાથી બોલ્યા ને બેન ખૂબ રાજી થઈ ગયા.

૧૯૬૬ની ૬ઠ્ઠી એપ્રિલે જીંજાથી કંપાલા ગયા. કંપાલા મંદિરે તરૂબેન, હંસાબેન, નીમુબેન દાડિયા અને નીમુબેન એમ ચારેય બહેનોનો વિદાય સમારંભ ગોઠવાયો. ૧૯૬૬ની ૩૦મી એપ્રિલે મુંબઈ તારદેવ આવ્યાં. ૧૫ દિવસ તારદેવ રહ્યાં. પપ્પાજીના દર્શન કર્યા. ૧૪મી મેએ તારદેવથી બહેનો સાથે વિદ્યાનગર આવ્યાં. ને પ્રીતિના અંગે સાધના શરૂ કરી. સૌ પ્રથમ બેન સાથે રહ્યાં. ૧લી જૂને ૫૧ બહેનો સાથે કાષાંબરી દીક્ષા લીધી. જૂની જ્યોતનો બીજો માળ તૈયાર થયો એટલે રૂમ નં–૧૩માં મધુબેન સાથે રહેવા આવ્યાં. ૧૯૬૭ ના પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. મધુબેન સાથે ૭ વર્ષ રહ્યાં. એ દરમ્યાન મંદિરમાં સભા થાય ત્યારે રસોડાની ટુકડીમાંથી આવે ને તારાબેન સાથે રેકોર્ડીંગની ટુકડીમાં રૂમ નં–૪ માંથી એમ્પ્લીફાયર લઈને મંદિરમાં ગોઠવવાનું. સભા પૂરી થાય એટલે પાછું રૂમ નં–૪માં કબાટમાં ગોઠવી દેવાનું. રસોડાની ટૂકડીમાં દૂધની સેવા કરતાં.

૧૯૬૯ ની સાલમાં બેન આફ્રિકા ને લંડન ગયા ત્યારે નીમુબેનને ખૂબ દુઃખ થયું. તે વખતથી નીમુબેને બ્રહ્મસૂત્રને જીવન બનાવ્યું. જીવનમાં આદર્શ તરીકે બેનને રાખ્યા. સ્વાધ્યાય અને પત્ર લેખન એ એમનો શોખ હતો. વ્યવસ્થા, સેન્ટ્રલ ઓફિસ, ટેલીફોન, સફાઈ, મંદિર, બેનના હરિભક્તોના પત્ર બેન પાસે વાંચવા, પત્રના જવાબ લખવા, મહાપૂજા આવી અનેક સેવાઓ કરી છે. અત્યારે પપ્પા કમિટીના સભ્ય, વિચરણ, મહાપૂજા ને સંકલ્પ ભજનથી બેનના સમાજને સાચવી રહ્યાં છે.

એવા નીમુબેનને સહુ સાધકોના ભાવે પ્રણામ !!!